

Visual Evidence for Victims

**બધી જ સેવાઓ મફત અને ગોપનીય છે**

**શું તમે પારિવારિક હિંસાના ભોગ બનેલા છો?**
**શું તમે નફરતના ગુનાનો ભોગ બનેલા છો?**
**શું તમે જાતીય હિંસાનો ભોગ બનેલા છો?**
**શું તમને ઇજા થઇ છે કે તમારી મિલકતને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે?**
**પોલિસને ગુનાની જાણ કરવા તૈયાર નથી? ભોગ બનેલાઓ માટે દૃશ્ય પુરાવો - વિઝ્યુઅલ એવિડન્સ ફૉર વિક્ટિમ્સ (વીઇવી - VEV) મદદરૂપ થઇ શકે -**

હિંસક ગુનાનો ભોગ બનેલી અનેક વ્યક્તિઓ પોલિસને ફરિયાદ ન કરવાનું પસંદ કરે છે, જો કે, ભોગ બનેલી વ્યક્તિ તેમની ઇજાઓ કોઇ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા રેકોર્ડ કરાવવા માટે ઇચ્છુક હોઇ શકે. VEV પ્રોજેક્ટ લોકોને કોઇ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ગુનાના પુરાવાઓ રેકોર્ડ કરાવવાની પરવાનગી આપવા માટે શરુ કરવામાં આવ્યો હતો જેથી ભોગ બનેલ વ્યક્તિએ પોલિસ પાસે ન જવું પડે. તમારા વિસ્તારની અનેક એજન્સીઓ પાસે એવા કર્મચારીઓ છે જે ઇજાઓ અથવા મિલકતને થયેલા નુકસાનને રેકોર્ડ કરવા માટે VEV દ્વારા સ્વીકૃત કેમેરાનો ઉપયોગ કરવા માટે તાલીમ પામેલા છે.

- શારીરિક ઇજાઓ: સોળ, કાપા, ઉઝરડા, ખેંચાયેલા વાળ, વગેરે.
- મિલકતને નુકસાન: તૂટેલી બારીઓ, નુકસાન પામેલો દરવાજો, ભીંતો પર અપમાનજનક લખાણ, વગેરે.

અમે ફોટાના સ્વરુપમાં પુરાવો રેકોર્ડ કરી શકીએ જેથી ભવિષ્યમાં (કાયદેસરનાં) પગલાં લેવા માટે તમારી પાસે પુરાવા હોય. આવું હોય ત્યારે આ પુરાવા ભવિષ્યમાં ઉપયોગ માટે ગુપ્ત અને સુરક્ષિત રાખવામાં આવે છે. જો ભોગ બનનારી વ્યક્તિ નક્કી કરે કે તેઓ (કાયદેસરનાં) પગલાં લેવા માંગે છે, તો આ પુરાવાને ફોજદારી અદાલત કે દીવાની કાર્યવાહીમાં વાપરી શકાય. વૈકલ્પિક રીતે તેને ફાઇલમાં રાખી શકાય (વધુમાં વધુ 6 વર્ષ માટે) અથવા તમે ફોટાઓનો નાશ કરાવવાનું પસંદ કરી શકો. તમે શું કરવા માંગો છો તે નક્કી કરવામાં તમને મદદ કરવા માટે તમે સહાય અને માહિતીનો ઉપયોગ કરી શકો.

તમારી પર ક્યારેય તમારા પુરાવા રેકોર્ડ કરાવવા માટે બળજબરી કરવામાં આવશે નહીં - અમે તમારી સંમતિ સાથે જ ફોટા લઇશું. અમે ભોગ બનનાર વ્યક્તિઓ સાથે આદર અને સમજદારીભર્યો વ્યવહાર કરીએ છીએ. અમે સંવેદનશીલ બનીશું અને સમજીશું કે ઇજા અંગત પ્રકારની હોઇ શકે. VEV એજન્સીઓ બીજાઓને નહીં જણાવે કે અમારી પાસે તમારા ફોટા છે. જો તમે પોલિસને ગુનાની ફરિયાદ કરી હોય, તો તમારે VEV સેવાનો ઉપયોગ કરવાની જરૂર નથી. વેસ્ટ મિડલેન્ડ્સમાં 34 એજન્સીઓ છે જે VEV સેવા પૂરી પાડે છે, વધુ માહિતી માટે **0121 544 4336** પર વિક્ટિમ સપોર્ટ (ભોગ બનનારાઓને સહાય) નો સંપર્ક સાધો.

*આ પ્રોજેક્ટનું સંચાલન વિક્ટિમ સપોર્ટ દ્વારા કરવામાં આવે છે, વધુ માહિતી માટે મહેરબાની કરી લ્યુસી જ્યોર્જનો સંપર્ક સાધો - 0121 543 1722.*

પત્રિકા આમના દ્વારા આપવામાં આવી:
(leaflet given out by)

Victim Support West Midlands
Helping people cope with crime